# મહેસાણામાં નેશનલ ગેમ્સના ફૂટબોલ ખેલાડી માટે ગ્રાઉન્ડ નથી

મહેસાણા, તા.૭

રાજ્ય સરકાર તાજેતરમાં ખેલ મહાકુંભ કરવા જઈ રહ્યું છે . પરતું આજે પણ રીયલ ગ્રાઉન્ડ રમતવીરો માટે નથી તેનો દાખલો મહેસાણા માં મળવા ગયો છે. મહેસાણામાં ફૂટબોલના પ્લેયરો છે અને તે ફૂટબોલ પ્લેરો માટે રમતનું ગ્રાઉન્ડ છે પરતું ગ્રાઉન્ડ ન હોવા ના કરને હાલ માં ખેલાડીયો ને પારવાર મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે. તેમ નીખીલ જાદવ ખેલાડી, વશીમ મેમણ ખેલાડીએ જણાવ્યું હતું અને આગમી સમયમાં આ બાબતે નક્કર પગલા લેવામાં આવે તેવી માંગ પણ કરી હતી. ક્રિકેટની ખેલાડી ક્યાં રમતનું પર્ફોમન્સ બતાવશે તે એક પ્રશ્ન આજે પણ કોચ સહિત ખેલાડીયો ને સતાવી રહ્યો છે તેમ ડી. એમ ગાંધી ફૂટબોલ એસોસીએશન સેક્રેટરી ગુજરાતે એ પણ વાત મૂકી હતી કે હાલમાં જે ગ્રાઉન્ડ છે તે મહેસાણા થી ૧૫ કિમીના અંતરે આવેલું ગ્રાઉન્ડ છે



ન હોવાથી હાલમાં પ્લેરોને બીજી જગ્યા પર જઈને ફૂટબોલની રમત રમવી પડી રહી છે.

મહેસાણા નગરપાલિકા નું એક ગ્રાઉન્ડ મહેસાણા ના મધ્યમાં છે પરતું તે રમત માટે હાલ માં રહ્યું નથી જે પોલ ગ્રાઉન્ડ માં લાગવા માં આવે છે તે ગાયબ થઈ જાય છે . પ્લેરો રમત માટે ઉત્શુક છે પરતું તેમને ગ્રાઉન્ડ ન હોવાના કારને હાલ માં પ્લેરો ને રમત માટે ભીખ માગવી પડી રહી છે અને બીજી જગ્યા પર રમત રમવા જવું પડી રહ્યું છે. મહેસાણા ના ફૂટ બોલ પ્લેરો ઘણા વાત આવે ત્યારે ખેલાડીયોનો તાતો લાગે છે અને વાલીયો પણ પોતાના બાળકોને રમત માટે પ્રોત્સાહન આપે છે. જ્યારે ફૂટ બોલ માટે હાલ માં વિદ્યાર્થી ઓં નો કરેજ ઓછો થયો છે કારણ કે ગ્રાઉન્ડ નથી. મહેસાણામાં રણજીત ટ્રોફી ની માફક ફૂટબોલ ની ગેમ માટે ખેલાડીયો છે. પરતું તેમને ગ્રાઉન્ડ નથી અને જે છે તેમાં રમત રમી શકાય તેવી શક્યતા નથી. જે પોલ મુકવા માં આવે તો ચોરાઈ જાય છે અને આગામી સમયમાં ખેલ મહાકુંભ રાજ્ય સરકાર નો આવી રહ્યો છે પરતું જેને લઈને હાલમાં ખેલાડીયોને ત્યાં લઈ જવું એ શક્ય નથી હોતું વાલીઓ હાલમાં ભારે પરેશાન છે અને ખેલાડીયોને હાલમાં ફૂટબોલ પ્રત્યે રસ નથી રહ્યો. એક તરફ રાજ્ય સરકાર કરોડો રૂપિયાનો ખેલાડીયો માટે ખર્ચ કરીને ખેલેગા ગુજરાતના નારા લગાવે છે પરતું રીઅલમાં ગ્રાઉન્ડ વિના રમત કેવી તે સવાલ મહેસાણા માટે પેચીદો બન્યો છે. રમતવીરો છે પરતું રમત માટે ગ્રાઉન્ડ ન હોવાથી હાલમાં ગ્રાઉન્ડને નહી પરતું પ્લેયરને પણ કિક વાગી રહી છે તેમ કહીએ તો નવાઈ નહી.

# ચોરીનો મોબાઈલ શોધવા મુંબઈ પોલીસ મોડાસામાં

## મુંબઈથી ચોરાયેલ મોબાઈલ થયો ટ્રેસ : મોબાઇલ વેપારીઓમાં ફફડાટ

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના એક શોપિંગ સેન્ટરમાં માંગો તે બ્રાન્ડના મોબાઈલ સસ્તા દરે મળી રહેતા હોવાનું રાજયભરમાં ચર્ચાય છે. પરન્તુ આ શોપિંગમાંથી અવાર નવાર ચોરાઉ અને બિલ વગરના મોબાઈલ પોલીસના હાથે પકડાવાના અનેક બનાવ પણ પોલીસના ચોપડે નોંધાય જ છે. ત્યારે ગુરુવારની સમી સાંજે મુંબઈ પોલીસ ચોરાઉ મોબાઈલની શોધમાં આ શોપિંગ સેન્ટરમાં આવતા મોબાઈલ વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

મુંબઈના કોઈ વ્યક્તિનો મોબાઈલ થોડાક દિવસો અગાઉ મુંબઈના દહીંસરમાંથી ચોરાયા બાદ પોલીસ ફરિયાદ નોંધાતા ત્યાંની પોલીસે આ મોબાઈલના ઈએમઆઈ નંબર તેમજ અન્ય પુરાવા મેળવી ફોન ટ્રેસિંગમાં મુક્યો હતો. ટ્રેસિંગ દરમિયાન મોબાઈલ મોડાસા શહેરમાં હોવાનું જણાઈ આવતા ગુરુવારે મુંબઈ પોલીસ મોડાસામાં આવી પહોચી હતી પોલીસે મોડાસા બસ સ્ટેશન વિસ્તારમાં આવેલા લક્ષ્મી શોપિંગ સેન્ટરમાં પહોચી પૂછપરછ કરતા મોબાઈલ વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. પૂછપરછ બાદ પોલીસ આ શોપિંગમાંથી એક વ્યક્તિને સૌ પ્રથમ લીઓ ચોંકી લઈ આવી હતી ત્યારે ચોકી નજિક લોકો એકઠા થઈ જતા મુંબઈ પોલીસ મોડાસા ટાઉન પોલીસ મથકે લઈ આવી હતી અને બંધબારણે ચર્ચાઓ કરી હતી. જો કે થોડાક સમયમાં જ મોડાસાના યુવક ને છોડી મુક્યો હતો. આ મામલે થઈ રહેલી લોકચર્ચા મુજબ મુંબઈથી આવેલી પોલીસે બંધ બારણે મોટો વહીવટ કરી લઈ યુવકને રવાના કરી દીધો હતો. જો કે આ મામલે સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધતા પોલીસે જણાવ્યું હતું કે મુંબઈના દહીંસર પોલીસ સ્ટેસને મોબાઈલ ચોરીનો ગુનો નોંધાયો છે જે સંદર્ભે પોલીસે મુસ્તાક ઉર્ફે રહેમત નામના આરોપીની યાદી આપી છે જે મળી આવે ત્યારે એની જાણ મુંબઈ પોલીસને કરવામાં આવશે.

# ચેરમેનપદે બિનહરીફ



ભિલોડા,તા.૭

ધી પુનાસણ દુધ ઉત્પાદક સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન પદે સુરેશભાઈ ધુળાભાઈ પટેલ સર્વાનુમતે બિનહરીફ ચુંટાઈ આવેલ છે. જેથી ધી પુનાસણ દુધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદો, દુધ ઉત્પાદકોમાં આનંદની લાગણી પ્રસરી છે.

# પ્રાંતિજ સહિત તાલુકામાં બેરોકટોક દવાખાના ચાલે છે

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત તાલુકામાં હાલ બિલાડીના ટોપની જેમ ઠેર-ઠેર દવાખાના ખુલી ગયાં છે અને ડાંકટરો નિયમોને નેવે મુકી પૈસા કમાવવાની લ્હાયમાં દર્દીઓ જોડે જાહેરમાં ચેડાં થતાં હોવાં છતાં જેની જવાબદારી છે તે તંત્ર હાલ તો બધુ જાણતું હોવાં છતાં અજાણ હોવાના ઢોંગ કરતું હોય તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

પ્રાંતિજમાં જાણે એક પછી એક ડાંકટરોમાં હરિફાઈ કે દર્દીઓને આકર્ષણ માટે અદ્યતન દવાખાના તથા પોતે દવા કે સારવાર ના કરતાં હોય તેવી બધી સગવડોના લાબી લિસ્ટવાળી જાહેરાતો કરી દર્દીઓને આકર્ષણ કરે છે અને પોતે આયોર્વેદિક, હોમિયોપેથીક, એલોપેથિક હોવાં છતાં બે ત્રણ રૂમ વાળુ અધ્યતન દવાખાનુ બનાવી દર્દીઓને ઈન્જેકશન કે સીરીજ બોટલ ચડાવે છે અને પોતાના પ્રિસ્ક્રિપ્શન પેપર ઉપર એટીબોડેટ દવાઓ લખવાની ના હોવા છતાં લખે છે અને દવાખાનાની બાજુમાં જ પોતાના મેડીકલ ખોલે છે અને ડબલ કમાણી કરે છે ત્યારે એટ્રોબોડેટ દવાઓ લખી શકે નહીં તો પણ જાહેરમાં દવાઓ લખે છે અને કાંતો તેમની કોર્ડવડ કાપલી કે સાદી ચીઠ્ઠી લખે છે અને દર્દીઓ સાથે જાહેરમાં ચેડાં થતાં જોવાં મળે છે. છતાં જેની જવાબદારી છે તે તંત્ર માત્ર હપ્તાની લ્હાયમાં બધું જાણતું હોવા છતાં અજાણ્યું હોવાનું ઢોંગ કરે છે ત્યારે ખરેખર તપાસ થાય તો ગણું બધું બહાર આવે તેમ છે ત્યારે શું ખરેખર તપાસ થશે કે કેમ તે તો હવે જોવાનું રહ્યું નહી હાલ તો ચલતા હે હોતાં હે જેવી સ્થિતિ છે.



# વાણીયાવાડા મહિલાના ઘરમાંથી વિદેશી દારૂ ઝડપાયો

અરવલ્લી જિલ્લા એલસીબી પીઆઈ વણઝારા અને તેમની ટીમને મળેલી બાતીના આધારે મેઘરજ તાલુકાના વાણીયાવાડ ગામની મહિલા ભૂરીબેન રામાભાઈ ડામોરના ઘરે રેઈડ કરતા મહિલાના ઘરેથી વગર પાસ પરમિટનો ગેરકાયદેસર વિદેશી દારૂ તથા બીયરની પેટી નંગ-૭ તથા છુટી બોટલો મળી કુલ ટીન, બોટલો નંગ-૩૧૧ જેની કિંમત રૂ. ૩૪,૬૦૦નો જથ્થો ઝડપી પાડી મહિલાના ઘરે છુપાડી રાખનાર બુટલેગર જીતેન્દ્ર ઉર્ફે જીતુ શંકરલાલ પટેલ (રહે. વાણીયાવાડ) અને ગેરકાયદેસર દારૂ વેચવાના ગુન્હા હેઠળ અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે બન્ને વ્યક્તિઓ સામે પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

# પ્રાંતિજ-તલોદ યુવક કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પ્રાંતિજ-તલોદ તાલુકાના યુથ કોંગ્રેસના કાર્યકરો દ્વારા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતુ.

યુથ કોંગ્રેસ કાર્યકરો દ્વારા દિવસે ને દિવસે બેરોજગારી ઘટવાને બદલે વધતી હોવાથી અને સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રમાં ભરતી ના કરવામાં આવતાં સુત્રોચ્ચાર સાથે પ્રાંતિજ તાલુકા પંચાયતથી તાલુકા સેવાસદન ખાતે રેલી યોજી પ્રાંતિજ મામલતદાર એલ.એમ રાવળને આવેદનપત્ર આપ્યું હતું અને યુવાનોને રોજગારીની સાથે બે રોજગાર યુવાનોને રોજગારી તથા ફિક્સ વેતન આપવાને લઈને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



## આવતીકાલથી ત્રણ દિવસ ધાનેરાનું કાપડ બજાર બંધ રહેશે

જીએસટી અને સુરતમાં થયેલા કાપડ વેપારી પર અત્યાચારને લઈ આવતીકાલથી બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેરમાં આવેલા કાપડના વહેપારી દ્વારા ત્રણ દિવસ બંધ પાળી વિરોધ દર્શાવશે. જીએસટીનો સમગ્ર દેશમાં વિરોધ થઈ રહ્યો છે. ને વેપારી સહીત લોકો વિવિધ આંદોલન પણ કરી રહ્યા છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં કાપડ એશોશીયેશનના તમામ વેપારી ભેગા થયા હતા અને સુરતમાં કાપડ વેપારીઓ પાર પોલીસ ધ્વરા જે દમન ગુજારવામાં આવ્યું હતું અને જીએસટીને લઈ આવતીકાલથી ત્રણ દિવસ ધાનેરાનું કાપડ બજાર બંધ કરવાનો નિર્ણય કર્યો હતો.

# ધાનેરા નગરપાલિકા દ્વારા ૧૩ મોબાઈલ ટાવર માલિકોને નોટીસ

## સાત દિવસમાં વેરો નહિ ભરવામાં આવે તો ટાવરનું વીજ કનેક્શન કાપી નાખશું : પાલિકા પ્રમુખ

ધાનેરા નગરપાલિકા દ્વારા ધાનેરા શહેરમાં આવેલા ૧૩ મોબાઈલ ટાવરોને વેરો ન ભરતા નોટિસ ફટકારતા મોબાઈલ રસિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે.

ધાનેરા શહેરમાં આવેલા વિવિધ કંપની ૧૩ મોબાઈલ ટાવરોનો નગરપાલિકામાં ૨૬ લાખ જેટલો વેરો બાકી નીકળતો હોવાથી નગરપાલિકા દ્વારા ટાવર માલિકો સામે લાલ આંખ કરી છે અને ૭ દિવસમાં તમામ વેરો ભરપાઈ કરવાની નોટિસ આપી છે અને જો ૭ દિવસમાં આ વેરો ભરવામાં નહિ આવે તો ટાવરોના વીજ કનેક્શન કાપી નાખવામાં આવશે. આ બાબતે ધાનેરા નગરપાલિકાના પ્રમુખ જગદીશભાઈ ઠક્કરનો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે આ ટાવરોનો લખો રૂપિયા વેરો બાકી છે અને તેમને વારંવાર જાણ કરવા છતાં પણ આ લોકો વેરો ન ભારત આજે તમામને નોટિસ ફટકારી છે અને ૭ દિવસમાં વેરો નહિ ભરે તો અમે ટાવરના વીજ કનેક્શન કાપી નાખશું.

ધાનેરા ટાવરોને આપેલી નોટિસને લઈ મોબાઈલ રસિકોમાં ભારે ભય ની લાગણી જોવા મળી રહી છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે ટાવર કંપની ધ્વરા વેરો ભરવામાં આવે છે કે પછી પાલિકા ધ્વરા ટાવરના વીજ કનેક્શન કાપવામાં આવે છે.



# મુજપર ત્રિકમ સાહેબની ગાદીએ ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

પાટણ, તા. ૭

ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરજીઓની ગાદીએ શિષ્યો શ્રદ્ધાથી શીશ નમાવી આશીર્વાદ મેળવતા હોય છે. પાટણ જિલ્લાના સમી તાલુકાના મુજપુર ગામે રવિભાણ સંપ્રદાયના સંત ત્રિકમ સાહેબની ગુરૂગાદીની પવિત્ર જગ્યામાં ગુરૂ પૂર્ણિમાનો મહાપર્વ ધામધૂમ અને ઉલ્લાસભેર ઉજવાશે. સંતશ્રી ત્રિકમ સાહેબની જગ્યામાં સતગુરૂ શંકરહંસ સાહેબની સાનિધ્યમાં ગુરૂપૂર્ણિમાના દિવસે ભક્તો અને શિષ્યો ગુરૂને તિલક કરશે. જ્યારે રાત્રિએ ભજન સતસંગ દ્વારા નાનકદાસજી બાપુ તથા કિશનદાસજી બાપુ ગુરૂનો મહિમા સમજાવશે. ઉપસ્થિત ભાવી ભક્તોએ મહંતશ્રી શંકરહંસ સાહેબ, ડૉ. રતનદાસજી વિગેરે સદ્દ્ગુરૂઓને કુમકુમ તીલક કરી ગુરૂના આર્શીવચન લેશે. તેમજ હજ્જારોની સંખ્યામાં શિષ્યો, અનુયાયીઓ ઉપસ્થિત રહેશે.

# મેઘરજમાં યુવક કોંગ્રેસ દ્વારા બેરોજગાર યુવાનોને રોજગારી માટે આવેદનપત્ર અપાયું

મેઘરજ, તા. ૭

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં શુક્રવારના રોજ ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ દ્વારા બેરોજગારો યુવાનોને રોજગારી આપોના સુત્રોચ્ચાર સાથે મેઘરજ માર્કેટયાર્ડથી મામલતદાર કચેરી સુધી રેલી યોજી મેઘરજ મામલતદારને લેખીતમાં આવેદનપત્ર પાઠવ્યું હતું.



મેઘરજમાં યુથ કોંગ્રેસ તેમજ કોંગ્રેસ કાર્યકર્તાઓએ ગુજરાતના મુખ્યમંત્રી સુધી રજૂઆત પહોંચાડવા માટે શુક્રવારના રોજ સવારે મેઘરજ માર્કેટયાર્ડથી મેઘરજ મામલતદાર કચેરી સુધી રેલી યોજી યુવાનોને બેરોજગારી આપો નહી તો ખુરશી ખાલી કરોના ભાજપ વિરૂદ્ધ સુત્રોચ્ચાર સાથે મેઘરજ મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું. જેમાં જણાવ્યું હતું કે ૨૦૧૧માં ભાજપ સરકારે પાંચમા વાઈબ્રન્ટમાં ૨૦ લાખ નવી રોજગારી તકો પુરી પાડવાની વાત કરી હતી. પરંતુ છ વર્ષ પસાર થવા છતાં ૫૦ હજાર યુવાનોને પણ રોજગારી મળી નથી તેમજ ગુજરાતનો વિકાસ માત્ર કાગળ પર છે તેવી રજૂઆતો સાથે મેઘરજ, ભિલોડા ધારાસભ્ય અનિલભાઈ જોષીયારા, અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારધી, અરવલ્લી જિલ્લા યુવક કોંગ્રેસ પ્રભારી ભાવેશ રાજ્યગુરૂ, કોંગ્રેસ કાર્યકરો, મેઘરજ તાલુકાના જિલ્લા સદસ્યો તેમજ ખેડૂતોએ ભેગા મળી યુવાનોને રોજગારી આપવાની રજૂઆત સાથે મેઘરજ મામલતદારને લેખિતમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લામાં બાળ ફિલ્મ મહોત્સવ યોજાશે

રાજ્ય સરકાર દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળકોને વીરતા, સાહસિકતા, સર્જનાતમક શક્તિઓને ખીલવવા તેમજ સંસ્કાર સિંચન બાબતોના ગુણોના વિકાસને પ્રોત્સાહન મળે તે માટે દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો ખૂબ અસરકારક રહ્યા છે ત્યારે આગામી તા. ૧૦ જુલાઈ, ૨૦૧૭ થી ૧૫ જુલાઈ, ૨૦૧૭ દરમિયાન બાળ ફિલ્મ મહોત્સવ - ૨૦૧૭ નું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગના સહયોગથી સાબરકાંઠા જિલ્લામાં વિવિધ થીયેટરોમાં બાળકોને લગતી ફિલ્મો વિના મૂલ્યે બતાવાવામાં આવશે. સાબરકાંઠા જિલ્લા કલેક્ટર દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. સાબરકાંઠા જિલ્લાની શાળાઓના બાળકોને આ બાળફિલ્મો બતાવવામાં આવશે. શાળાઓ વિદ્યાર્થીઓને નક્કી કરેલા સમય પ્રમાણે થીયેટરોમાં લઈ જશે. બાળકોને આનંદ પ્રમોદ સાથે પોતાની સર્જનાતમક શક્તિઓને ખીલવવાની તક અને પ્રોત્સાહન મળે તે હેતુથી આ બાળ ફિલ્મો શાળાના બાળકોને નવી દિશા પૂરી પાડશે. આ ફિલ્મોમાં આઈ.એમ. કલામ, સ્ટેન્લી કા ડબ્બા, મસ્તીખોર ગુજરાતી, ફરારી કી સવારી, જલપરી - ધ ડેઝર્ટ મરમેઈડ, હવા હવાઈ, મિશન મમ્મી - ગુજરાતી જેવી ફિલ્મો મલ્ટીપ્લેક્સમાં બતાવવામાં આવશે.

# જીતપુર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૭

બાયડ તાલુકાના જીતપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સિનિયર સિટીઝન્સ હેલ્થ ચેકઅપ કેમ્પમાં ૨૦૦ જેટલા દર્દીઓને તપાસ્યા બાદ તાજેતરમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં વિવિધ રોગના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા ૩૦૦ જેટલા દર્દીઓને તપાસી જરૂરી દવાઓ અને માર્ગદર્શન આપ્યુ હતુ. આ બન્ને કેમ્પને સફળ બનાવવા સુપ્રિટેન્ડન્ટ ડૉ. જતિન શાહના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલના સ્ટાફે સુંદર કામગીરી કરી હતી.

## ભિલોડાની હાથમીતી નદીના પટમાં બિનઅધિકૃત પાસ પરમીટ વગર

# ખોદકામ કરતા જે.સી.બી., ટ્રેક્ટર ચાલક વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરાઈ







ભિલોડા,તા.૭

ભિલોડાની હાથમીતી નદીના પટમાં બિનઅધિકૃત પાસ પરમીટ વગર ખોદકામ કરતા જે.સી.બી., ટ્રેક્ટર ચાલક વિરૂધ્ધ ભિલોડા મામલતદારએ કાર્યવાહી હાથ ધરતાં ખાણ-ખનીજની ચોરી કરતા બે નંબરીયા વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે. ભિલોડા મામલતદાર જી.કે.પટેલના જણાવ્યા મુજબ તેઓ ભિલોડા પાસેના ધોલવાણી ગામ તરફથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન ભિલોડા મહાકાલી મંદીર પાસે કોઈ પણ જાતની રોયલ્ટી કે પાસ પરમીટ વગર ખાણ-ખનીજની ચોરી કરતા જે.સી.બી.નંબર. જી.જે.૯. એ. એફ. ૫૮૮,ટ્રેક્ટર નંબર. જી. જે. ૯. એ.એફ. ૩૭૮ના ચાલકને અટકાવી ટ્રેક્ટર, જે.સી.બી. જપ્ત કર્યા હતા. મામલતદાર ધ્વારા દંડાત્મક કાર્યવાહી કરી જે.સી.બી., ટ્રેક્ટર જપ્ત કરી કાર્યવાહી હાથ ધરાતાં ખાણ ખનીજની ચોરી કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# પાલનપુરના ગોબરી તળાવમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

પાલનપુરમાં આપઘાતના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યા છે. ત્યારે આજે પાલનપુરના ગોબરી તળાવમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુરનો ડાહ્યાભાઈ માજીરાણા નામનો યુવક ગઈકાલથી ઘેરથી ગૂમ હતો. જે ગુમશૂદા યુવકનો મૃતદેહ આજે ગોબરીરોડ પર આવેલા ગોબરી તળાવમાંથી મળી આવ્યો હતો. ગઈકાલથી ઘેરથી લાપત્તા યુવકનું ગોબરી તળાવમાં ડૂબી જતા મોત નીપજ્યું હોવાનું અનુમાન થઈ રહ્યું છે. જોકે, ઘટનાની જાણ થતા લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. પૂર્વ પોલીસે ઘટના સ્થળે આવી યુવકના મૃતદેહને બહાર કાઢયો હતો. મૃતદેહને પોસ્મોર્ટમ માટે મોકલી અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. યુવકના મોતનું રહસ્ય પી.એમ. રિપોર્ટ બાદની પોલીસ તપાસમાં બહાર આવે તેવી શક્યતાઓ વચ્ચે યુવકની હત્યા કે આત્મ હત્યાને લઈને અનેક તર્ક વિતર્કો થયા છે.